આંક :–____

| | | | |
|---|---|---|---|
| દાવા પ્રાપ્તિ તારીખ : | ૩૦/૧૨/૨૦૨૫ | | |
| દાવા દાખલ તારીખ : | ૩૦/૧૨/૨૦૨૫ | | |
| દાવા નિર્ણિત તારીખ : | ૦૩/૦૭/૨૦૨૬ | | |
| અવધિ : | વર્ષ | માસ | દિવસ |
| | **૦૦** | **૦૬** | **૦૩** |

**જૂનાગઢના મુખ્ય સિનિયર સિવિલ જજ સાહેબની અદાલત સમક્ષ,**
**મુકામ – જૂનાગઢ.**

**<u>રેગ્યુલર દિવાની મુકદમા નંબર : ૨૬૦/૨૦૨૫.</u>**

**નાયબ ઈજનેરશ્રી,**
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ,
ગાંધીગ્રામ સબ–ડીવીઝન, જૂનાગઢ. **<u>– વાદી.</u>**

**<u>વિરૂધ્ધ.</u>**

**રાઠોડ કમળાબેન રાજેશભાઈ,**
ઉ.વ.આ. ૪૫, ધર્મે–હિન્દુ, ધંધો–ઘરકામ,
ઠે. આંબેડકરનગર, રાણવાળી ખાણ,
વાછરાદાદા વાળી શેરી, બિલખા રોડ, જૂનાગઢ. **<u>– પ્રતિવાદી.</u>**

બાબત : **<u>વીજળી અધિનિયમ ૨૦૦૩ ની કલમ–૧૫૪(૫) મુજબ વિદ્યુત બીલની રકમ રૂા.૯૯,૪૮૪–૩૮ પૈસા વસૂલ મળવા અંગે.</u>**

| | | |
|---|---|---|
| **ધારાશાસ્ત્રી :** | વાદી તરફે વિ.વકીલશ્રી એન. એ. શેઠ. |
| | પ્રતિવાદી સામે એકતરફી. |

**-:: ઠ રા વ ::-**

(૧) વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી સંસ્થા એ ગુજરાત રાજયના કાયદાથી રચાયેલી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ છે, તેની રજી. અને કોર્પોરેટ ઓફિસ રાજકોટ મુકામે, જેની સુપ્રિન્ટેન્ડીંગ ઓફિસ તેમજ વિભાગીય ઓફિસ અને પેટા વિભાગીય ઓફિસ તાલુકા તેમજ જિલ્લા કક્ષાએ આવેલ છે, જે પૈકીની પેટા વિભાગી ઓફિસ, જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ ગામમાં સબ ડીવીઝન ગાંધીગ્રામમાં આવેલી છે અને નાયબ ઈજનેર તે સંસ્થાના વડા છે અને તેમને દાવો દાખલ કરવા અધિકાર છે. તા.૨૧/૧૦/૨૦૨૩ ના રોજ ચેકીંગ અધિકારી ધ્વારા જૂનાગઢ મુકામે ગાંધીગ્રામ સબ-ડીવીઝન વિસ્તારમાં આવેલ ઈન્દીરાનગર વિસ્તારમાં આવેલ આ કામના પ્રતિવાદીના મકાનમાં ચેકીંગ કરતા કોઈપણ જાતનું વીજ જોડાણ કે વીજ મીટર ધરાવતા નથી. મકાનની બાજુમાં આવેલ એલ.ટી. લાઈનના પોલ પરથી એક પીળા રંગનો ટવીનકોડ વાયર જોડી મકાનની અંદર લગાડેલ મેઈન સ્વીચ સાથે જોડી ગેરકાયદેસર વીજ વપરાશ કરતા રંગે હાથ ઝડપાયેલ છે. સ્થળ ઉપરથી ૨૫ મીટર ટવીનકોટ વાયર કબજે લીધેલ, જેના કનેકટેડ લોડ ૨.૯૦૩ જેના યુનિટ ૪૧૩૨, જે ચેકીંગ શીટ નં .૧૮૦૪ માં બતાવેલ છે, જેનું રૂા.૭૨,૧૬૧-૮૩ પૈસાનું વીજ ચોરી બીલ આપવામાં આવેલ છે. સદરહુ વીજ ચેકીંગના રોજકામ ઉપરથી વીજ ચોરી બીલની રકમ આ કામના પ્રતિવાદીએ ભરપાઈ નહીં કરતા તા.૦૪/૧૨/૨૦૨૫ ના રોજ નોટિસ આપવામાં આવેલ ત્યારથી દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. પ્રતિવાદી પાસે વીજ ચોરી બીલની રકમ રૂા.૭૨,૧૬૧-૮૩ પૈસા તથા રૂા.૨૭,૩૨૨-૫૫

પૈસા ડી.પી.સી. તા.૨૧/૧૦/૨૩ થી તા.૧૦/૧૨/૨૫ સુધીના મળી કુલ રૂા.૯૯,૪૮૪–૩૮ પૈસા લેણી થાય છે. આ કામના વાદી–પ્રતિવાદી નામદાર અદાલતની હકૂમતમાં રહે છે, જેથી દાવો ચલાવવા હકૂમત છે. જેથી હાલનો દાવો લાવી પ્રતિવાદી પાસે લેણી થતી રકમ રૂા.૯૯,૪૮૪–૩૮ પૈસા પ્રતિવાદીની દરેક પ્રકારની સ્થાવર, જંગમ, જાત મિલકત ઉપરથી વસૂલ અપાવવાનું હુકમનામું કરી આપવા તથા લેણી રકમ ઉપર માસિક ૧.૩૩ ટકા લેખે ડી.પી.સી. ચાર્જ દાવાની તારીખથી વસૂલ થતા સુધી અપાવવા તેમજ દાવાનો ખર્ચ અપાવવા તથા બીજી કાયદેસર મળીશકતી તમામ દાદ અપાવવા દાદ માંગેલ છે.

**(૨)** દાવો દાખલ થતા, દાવાનો સમન્સ પ્રતિવાદીને કરવામાં આવેલ, જે આંક–૫ ની વિગતે પ્રતિવાદીને ધોરણસર બજી જવા છતાં પ્રતિવાદી જાતે કે વકીલ મારફત હાજર થયેલ નથી કે કોઈ વાંધા જવાબ રજુ રાખેલ નથી તેથી પ્રતિવાદી વિરૂધ્ધ કામ એકતરફી ચલાવવાનો તા.૦૫/૦૨/૨૦૨૬ ના રોજ આંક–૧ લગત હુકમ કરવામાં આવેલ છે.

**(૩)** પક્ષ નિવેદનો ધ્યાને લેતા તથા રજુ દસ્તાવેજો અધારે આંક–૬ થી નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલા છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદી વીજ કનેકશન ધરાવતા ન હોય, અને તેઓના મકાનની સામે આવેલ હળવા દબાણની વીજ લાઈનમાં પીળા કલરનો ટવીનકોડ વાયર જોડી પોતાના ઘરની અંદર આવેલ મેઈન સ્વીચ બોર્ડમાં જોડાણ કરી બિનઅધિકૃત રીતે વીજ ચોરી કરતા પકડાયેલ હતા ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદીને તેઓએ કરેલ વીજ ચોરી અંગેનું બીલ રકમ રૂા.૭૨,૧૬૧–૮૩ પૈસા તા.૨૧/૧૦/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ હતું ?

(૩) શું વાદી તેઓની દાવા અરજીમાં જણાવેલ રકમ ઉપર વ્યાજ તથા ડી.પી.સી. મેળવવા હકકદાર છે ? જો હા, તો કેટલા ટકા લેખે વ્યાજ મેળવવા હકકદાર છે ?

(૪) શું વાદી તેઓની દાવા અરજીના પેરા નં.૮ માં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૫) શું હુકમ અને હુકમનામું ?

(૪) ઉપરોકત મુદાઓ પરત્વેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદા નં.(૧) : **હકારમાં.**

મુદા નં.(૨) : **હકારમાં.**

મુદા નં.(૩) : **અંશત: હકારમાં.**

મુદા નં.(૪) : **અંશત: હકારમાં.**

મુદા નં.(૫) : **આખરી હુકમ મુજબ.**

(૫) વાદી પક્ષ ધ્વારા નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

**મૌખિક પુરાવો :**

| **ક્રમ** | **સાહેદ** | **આંક** |
|---|---|---|
| ૧. | વાદી સાહેદ કેતનકુમાર નટવરલાલ શાંખલા, નાયબ ઈજનેરનું સરતપાસનું સોગંદનામું. | ૮ |

**દસ્તાવેજી પુરાવો :**

| **ક્રમ** | **દસ્તાવેજની વિગત** | **આંક** |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | સિંગલ ફેઝ મીટર ચેકીંગ રીપોર્ટની ખરીનકલ. | **૧૦** |
| ૨. | સ્થળ રોજકામની ખરીનકલ. | **૧૧** |
| ૩. | એનેક્ષર–જ ની ખરીનકલ. | **૧૨** |
| ૪. | એનેક્ષર–સી ની ખરીનકલ. | **૧૩** |
| ૫. | પુરવણી બીલની ખરીનકલ. | **૧૪** |
| ૬. | પુરવણી બીલ મોકલ્યાની નોટિસની ખરીનકલ. | **૧૫** |
| ૭. | પ્રતિવાદીને આપેલ નોટિસની સ્થળપ્રત. | **૧૬** |
| ૮. | પોસ્ટલ એકનોલેઝમેન્ટ સ્લીપ. | **૧૭** |
| ૯. | ડી.પી.સી. કેલ્કયુલેશન શીટ. | **૧૮** |
| ૧૦. | પ્રતિવાદીના ખાતાનું લેજર | **૧૯** |
| ૧૧. | કેસ હીસ્ટ્રી | **૨૦** |
| ૧૨. | પ્રફોર્મા નં.૧૨ | **૨૧** |

વાદી તરફથી આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તેઓ વધુ કોઈ પુરાવો રજૂ કરવા માંગતા ન હોવાનું આંક–૨૨ ની કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે.

(૬) જયારે પ્રતિવાદી સામે એકતરફી કામ ચલાવવામાં આવેલ હોય કોઈ પુરાવો રજૂ થયેલ નથી.

(૭) ત્યારબાદ આ કામે વાદી તરફે વિ.વકીલશ્રી એન. એ. શેઠની વિસ્તૃત મૌખિક દલીલો સાંભળવામાં આવી. પ્રતિવાદી સામે એકતરફી કામ ચલાવવામાં આવેલ હોય કોઈ દલીલ નથી.

## <u>–:: નિર્ણય માટેના કારણો ::–</u>

(૮) આ કામે પક્ષકારો ધ્વારા દાવામાં કરવામાં આવેલ પક્ષ નિવેદન, રજૂ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું વિશ્લેષણ કરતા અગાઉ પુરાવા

અધિનિયમની કલમ–૧૦૧, ૧૦૨ અને ૧૦૩ નો ઉલ્લેખ અત્રે કરવાનું જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે.

* **કલમ–૧૦૧ : સાબિતીનો બોજો :**

જે કોઈ એમ ઈચ્છતા હોય કે તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારિત કોઈ કાયદેસરના હકક અથવા જવાબદારી વિશે કોઈ બીજું ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે.

કોઈ વ્યકિત, – કોઈ હકીકતનું અસ્તિત્વ સાબિત કરવા બંધાયેલી હોય, ત્યારે સાબિતીનો બોજો તે વ્યકિત ઉપર છે એમ કહેવાય.

* **કલમ–૧૦૨ : સાબિતીનો બોજો કોના ઉપર છે :**

બે માંથી કોઈ પક્ષ તરફથી કશો પુરાવો આપવામાં ન આવ્યો હોય તો જે વ્યકિત નિષ્ફળ જાય તેમ હોય તેના ઉપર દાવા અથવા કાર્યવાહીમાં સાબિતીનો બોજો છે.

* **કલમ–૧૦૩ : ચોકકસ હકીકત વિશે સાબિતીનો બોજો:**

કોઈ ચોકકસ હકીકતનું અસ્તિત્વ હોવાનું ન્યાયાલય માને એમ જે વ્યકિત ઈચ્છતી હોય તેના ઉપર તે હકીકતની સાબિતીનો બોજો છે, સિવાય કે તે હકીકતની સાબિતીનો બોજો કોઈ વ્યકિત ઉપર રહેશે એવી કોઈ કાયદાથી જોગવાઈ કરવામાં આવી હોય.

ઉપરોકત કલમ મુજબ જયારે કોઈ પક્ષકાર એમ ઈચ્છતી હોય કે તેણે કહેલી અથવા રજૂ કરેલી કોઈ હકીકત અસ્તિત્વમાં છે, તેની સાબિતી માટે કાયદાની અદાલત કોઈ ફેંસલો કોઈ પક્ષકારની તરફેણમાં આપે ત્યારે તે હકીકત અસ્તિત્વ ધરાવે છે તેવો પુરાવો તે પક્ષકારે આપવો પડે. ઉપરોકત કલમથી

જયારે અમુક હકીકત અમુક પક્ષકારની જાણમાં હોય ત્યારે તે હકીકતનું અસ્તિત્વ સાબિત કરવાનો બોજો તે પક્ષકારે પુરવાર કરવો પડે.

**<u>મુદા નં.(૧) થી (૩) :–</u>**

**(૯)** આ કામે મુદા નં.૧ થી ૩ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોય પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી ત્રણેય મુદાઓની ચર્ચા અત્રે સંયુકત કરવાનું યોગ્ય જણાતું હોય ત્રણેય મુદાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવેલ છે.

**(૧૦)** આ કામમાં વાદી તરફે કેતનકુમાર નટવરલાલ શાંખલા નાઓએ આંક–૮ થી તેઓની સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે. જેમાં તેઓએ દાવા અરજી મુજબ અક્ષરશ: હકીકત જણાવેલ હોય તેથી તેનું પુનરાવર્તન કરવાની જરૂર જણાતી નથી. વાદી સાહેદે તેના મૌખિક પુરાવાના સમર્થનમાં આંક–૧૦ થી ૨૧ સુધીના દસ્તાવેજી આધાર પુરાવા રજૂ રાખેલ છે. આ તબકકે સી.પી.સી. ઓર્ડર–૮, રૂલ–૫ ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

**Order– 8 Rule 5 : Specific denial –**

1. XXXX
1. Where the defendant has not filed pleading, it shall be lawful for the court to pronounce judgement on the basis of the facts contained in the plaint, except as against a person under a disability, but the Court may, in its discretion, require any such fact to be proved.
2. XXXX
3. XXXX

   Thus in the present case also as defendant has not filed his pleading plaintiff becomes entitled to judgement on the basis of facts contained in the plaint.

Further it is also not disputed that defendant has not corss examined plaintiff nor has lead any evidence. Thus adverse inference is required to be drawn against the defendant under section 114 of Evidence Act, 1872.

ઉપરોકત જોગવાઈ ઘ્યાને લેતા આ કામે પ્રતિવાદી દ્વારા વાંધા જવાબ રજૂ કરેલ નથી વાદી સાહેદે આપેલ ઉપરોકત પુરાવાને પ્રતિવાદી દ્વારા ચેલેન્જ કરવામાં આવેલ નથી કે વાદી સાહેદે આપેલ પુરાવા વિરૂઘ્ધ અનુમાન કરી શકાય તેવો કોઈપણ પુરાવો રજુ કરેલ નથી. તે સંજોગોમાં વાદીના સાહેદે આપેલ પુરાવાને ન માનવા કોઈ કારણ નથી. એ હકીકત છે કે, આ કામે પ્રતિવાદી તરફે કોઈ બચાવ ઉપસ્થિત કરવામાં આવેલ નથી પરંતુ તેટલા કારણ માત્રથી વાદીએ રજૂ કરેલ હકીકત આપોઆપ પુરવાર થઈ જતી નથી. વાદીએ પોતાના દાવાની હકીકત પોતાના પગ ઉપર ઉભા રહીને પુરવાર કરવાની રહે છે.

**(૧૧)** અત્રે ઉપસ્થિત મુદ્દાના સમર્થનમાં વાદી કંપનીના સાહેદ નાયબ ઈજનેરે તેઓના સરતપાસના સોગંદનામાથી આપેલ જુબાની તથા રજુ કરેલ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો આંક-૧૦ ની વિગતે તા.૨૧/૧૦/૨૦૨૩ ના રોજ વાદી કંપનીના અધિકારી/ કર્મચારીઓએ વીજ ચેકીંગ કરતા આ કામના પ્રતિવાદી કોઈપણ જાતનું કાયદેસર વીજ જોડાણ મેળવ્યા સિવાય ગેરકાયદેસર રીતે પાવર ચોરી કરતા મળી આવતા વીજ જોડાણ તપાસણી અહેવાલ તૈયાર કરવામાં આવેલ અને આંક-૧૧ ની વિગતે સ્થળ રોજકામ કરી, આંક-૧૨ ની વિગતે ૨૫ મીટર જેટલો વીજ વાયર કબજે કરવામાં આવેલ અને આંક-૧૩ ની વિગતે ગણત્રી કરી આંક-૧૪ ની વિગતેનું પુરવણી બીલ આંક-૧૫ ની નોટિસથી આપવામાં આવેલ. જે બીલ

મુજબની રકમ ભરપાઈ ન કરતા આંક–૧૬ ની વિગતે નોટિસ આપવામાં આવેલ જે આંક–૧૭ ની વિગતે પ્રતિવાદીને મળી ગયેલ હોવાનું જણાય આવે છે. ત્યારબાદ આંક–૨૦ ની વિગતે કેસ હીસ્ટ્રી અને આંક–૨૧ ની વિગતે પ્રફોર્મા નં .૧૨ તૈયાર કરવામાં આવેલ હોવાનું જણાય આવે છે. વધુમાં આ કામે આંક–૧૯ થી રજૂ થયેલ પ્રતિવાદીના ખાતાનું લેઝર ધ્યાને લેતા પાવર ચોરી બીલના રૂા.૭૨,૧૬૧–૮૩ પૈસા લેણા નીકળતા હોવાનું ફલિત થાય છે. આમ, વાદી તરફથી રજૂ થયેલ ઉપરોકત દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા વાદીના દાવાને તથા વાદી સાહેદે આપેલ જુબાનીને સ્પષ્ટપણે સમર્થન આપે છે અને તે મુજબ આ કામે વાદી કંપનીના અધિકારીઓએ પ્રતિવાદીને ત્યાં ચેકીંગ કરતા પાવર ચોરી કરતા મળી આવેલ હોવાનું અને તે અંગેનું રૂા.૭૨,૧૬૧–૮૩ પૈસાનું વીજ ચોરીનું બીલ આપવામાં આવેલ હોવાનું અને સદર પાવર ચોરી સંબંધે વાદી કંપનીના આ કામના પ્રતિવાદી પાસે પાવર ચોરી બીલની રકમ રૂા.૭૨,૧૬૧–૮૩ પૈસા બાકી નીકળતા હોવાનું અને તે રકમ વાદી વસૂલ મેળવવા હકકદાર હોવાનું ફલિત થાય છે. તેમજ વાદી ધ્વારા પ્રતિવાદી પાસે ઉઘરાણી કરવા છતાં વાદી કંપનીની વીજ બીલની બાકી રકમ વસુલ ન આપતા વાદી કંપનીએ નોટિસ આપેલ જે બજી જવા છતાં રકમ વસુલ આપવા કોઈ દરકાર કરેલ નથી.

**(૧૨)** વધુમાં આ કામે વાદી કંપની તરફથી ડીલે પેમેન્ટ ચાર્જની માંગણી કરેલ છે, પરંતુ ડી.પી.સી. વસૂલી શકે તેવો કોઈ સ્પષ્ટ પુરાવો વાદી તરફે રજૂ રાખેલ નથી અને વાદી કંપની ધ્વારા વિજ જોડાણ પણ કાપી નાખવામાં આવેલ છે. જેથી વાદી ડીલે પેમેન્ટ ચાર્જીસની રકમ મેળવવા હકકદાર ઠરતા નથી. જયારે સી.પી.સી.ની કલમ–૩૪ ધ્યાને લેતા મુદલ રકમ ઉપર દાવાની તારીખથી હુકમનામાની તારીખ સુધી અથવા તો ચૂકવણીની તારીખ સુધીનું વ્યાજ આપવાનો કોર્ટ હુકમનામામાં હુકમ કરી શકે છે. જે જોગવાઈ ધ્યાને લેતા વાદી

કંપનીની જે રકમ પ્રતિવાદી પાસે રોકાઈ રહેલ છે, તે રકમ પ્રતિવાદીની કસૂરના કારણે રોકાઈ રહેલ છે. જેથી વાદી કંપનીની દાવાની બાકી લેણી નીકળતી રકમ રૂા.૭૨,૧૬૧–૮૩ પૈસા ઉપર વાર્ષિક ૬% લેખે વ્યાજ અપાવવાનું ન્યાયી અને વ્યાજબી જણાય છે. જેથી મુદા નં.૧–૨ નો જવાબ હકારમાં અને મુદા નં.૩ અને ૪ નો જવાબ તે રીતે અંશત: હકારમાં ઠરાવવામાં આવે છે અને મુદા નં.૫ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) વાદીનો દાવો આથી **અંશત: મંજૂર** કરવામાં આવે છે.

(૨) આ કામના વાદી કંપની લેણી નીકળતી રકમ **<u>રૂા.૭૨,૧૬૧–૮૩</u>** પૈસા (અંકે રૂપિયા બોતેર હજાર એકસો એકસઠ અને ત્યાંસી પૈસા પુરા) દાવા દાખલ તા.૩૦/૧૨/૨૦૨૫ થી રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૬% ના સાદા વ્યાજ દરે આ કામના પ્રતિવાદીની સ્થાવર તેમજ જંગમ મિલકત તથા તેની જાત ઉપરથી વસૂલ મેળવવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

(૩) દાવા અંગે થયેલ ખર્ચ પક્ષકારોએ પોત–પોતાનો જાતે ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તારીખ **<u>ત્રીજી</u>**, માહે **<u>જુલાઈ</u>**, સને **<u>૨૦૨૬</u>** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૦૩/૦૭/૨૦૨૬.

**(અવિનાશ કમલભાઈ ભટ્ટ)**
મુખ્ય સિનિયર સિવિલ જજ,
જૂનાગઢ.(GJ-00862)